અપીલ અરજી નં.૧૮૦ તા.૨૦–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સામ નસરવાનજી દારૂવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સામ નસરવાનજી દારૂવાલાની તા.૧૮–૫–૧૧ની અરજીથી વોર્ડ નં.–૧૨ , નોંધ નં. ૧૩૧૩–અ થી નોંધાયેલી જુની સ્થાવર મિલકતની રજાચિઠ્ઠીની નકલ તથા મિલકતના માલિકોએ મુકેલ બાંધકામના મંજુર પ્લાનની નકલની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૦/૨૦૧૧–૧૨

શ્રી સામ નસરવાનજી દારૂવાલાની તા.૧૮–૫–૧૧ની અરજીથી વોર્ડ નં.–૧૨, નોંધ નં.–૧૩૧૩–અ થી નોંધાયેલી જુની સ્થાવર મિલકતની રજાચિઠ્ઠીની નકલ તથા મિલકતના માલિકોએ મુકેલ બાંધકામના મંજુર પ્લાનની નકલની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૭ તા.૨૯–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કલમ–૬(૧) હેઠળ ફી ભર્યાની વિગત , મુળ અરજીની વિગત તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજુ કરવાની રહે છે. જે અપીલ અરજી સાથે રજુ કરેલ ન હોઈ જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી અત્રેથી પાઠવેલ પત્ર સંદર્ભેનું કવર તથા કિરણ એ. નાવડીવાલાના નામે રૂ.૨૦/– અરજી ફી ના ભરપાઈ કર્યા અંગેની સેન્ટ્રલઝોનની રસીદ નં.૪૯૬૭૦૬ તા.૩–૮–૧૧ ની નકલ, અરજદારે તા.૧૮–૫–૧૧ ના રોજ સેન્ટ્રલઝોન કરેલ સાદી અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૫–૧૧ ની અરજી સામ નસરવારનજી દારૂવાલાના એડવોકેટ શ્રી કિરણ એ.નાવડીવાલાએ કાર્યપાલક ઈજનેર શહેર વિકાસ વિભાગ સુરત શહેર માછલીપીઠ વસ્તારમાં નરીમાન હોમની નજીક આવેલ વોર્ડ નં.–૧૨, નોંધ નં.–૧૩૧૩–અ થી નોંધાયેલ જુની સ્થાવર મિલ્કત ઉતારી પાડી બોગડા ખોદવા અને થતાં જોખમી બાંધકામ વાળી જગ્યના બાંધકામની રજાચિઠ્ઠી તેમજ મંજુર પ્લાનની નકલની માંગણી કરતી અરજી કરેલ. ત્યાર બાદ સદર અરજદારે તા.૭–૭–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર શહેર વિકાસ વિભાગ સેન્ટ્રલઝોનને રીમાઈન્ડર–૧ કરી પત્ર પાઠવેલ. ત્યાર બાદ અરજદારે તા. ૨૦–૭–૧૧ ના રોજ મ્યુ.ક કિમિ..ને સંબોધીને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી તેમના વકીલ શ્રી કિરણ એ નાવડીવાલાએ આપેલ નોટીસની માહિતી આપેલ નથી તેમજ અરજદારના તા.૭–૭–૧૧ ના રોજ પાઠવેલ રીમાઈન્ડરનો જવાબ કરેલ નથી તેવું જણાવી તા.૨૦–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરવામા આવેલ. માહિતી નહીં મળશે તો આપણા ખર્ચે અને જોખમે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડે તેવું જણાવેલ. જે અંગે અત્રેથી અપીલ તબકકે અરજદારને આરટીઆઈ સેલ/૫૫૭ તા.૨૯–૭–૧૧ થી અપીલ અરજીમાં કલમ–૬(૧) હેઠળ ફી ભર્યાની વિગત અને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજૂ કરવા જણાવેલ. જે અંગે અરજદારે તા.૩–૮–૧૧ થી આપેલ પૂરક વિગતોમાં અત્રેના તા.૨૯–૭–૧૧ ના પત્ર નં.સે.ઝોન/૫૫૭ ના કવરની નકલ અને કિરણ એન. નાવડીવાલાના નામે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૪૯૬૭૦૬ તા.૩–૮–૧૧ ના રોજ ફી ભરપાઈ કર્યાની રસીદની નકલ અને તેની સાથે મુળ અરજીની નકલ જે અરજદારના એડવોકેટ કિરણ એ. નાવડીવાળાએ કરેલ તેની નકલ રજૂ કરેલ છે. જેથી અરજદારની તા.૧૮–૫–૧૧ ની અરજીથી આરટીઆઈ હેઠળની અરજી ફી તા. ૩–૮–૧૧ ના રોજ શ્રી નાવડીવાલાના નામથી ભરપાઈ કરવામાં આવેલ છે. આથી અરજદારની આ પહેલા અરજી ફી વિનાની અને તેની સામે તા.૨૦–૭–૧૧ ના રોજ કરેલ અપીલ પણ અરજી ફી વિનાની હોવાથી આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ અરજી ફી ભરપાઈ કર્યા વિનાની અરજી સાથે અપીલનું કારણ ઉત્પન્ન થાય નહીં. આથી અરજદારે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ કરેલ અપીલ દફતરે કરવા જોગ થાય. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે તા.૧૮–૫–૧૧ ની આરટીઆઈ એકટ હેઠળની ફી વિનાની અરજી શ્રી નાવડીવાલાએ સામ નસરવાનજી દારૂવાલાના એડવોકેટ તરીકે કરેલ છે. જયારે અપીલ અરજી શ્રી દારૂવાલાએ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ અરજી ફી ભર્યા વિનાની અરજી સામે તા.૨૦–૭–૧૧ ના રોજ કલમ–૧૯(૧) મુજબ પ્રથમ અપીલ કરવામાં આવેલ. પરંતુ અરજદારે અરજી ફી ભરપાઈ કરેલ ન હોવાથી તેવી અરજી માટે  અપીલનું કારણ ઉત્પન થાય  નહીં આથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે

અરજદારે તા.૩–૮–૧૧ ના રોજ સદર અરજી બાબતે  અરજી ફી ભરપાઈ કરેલ હોવાથી આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે ત્યારે દિન–૩૦ ની અવધિમાં અથવા મળેલ માહિતિના કિસ્સામાં મળ્યા તારીખથી દિન–૩૦ ની અવધિમાં કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન્ન થયે જ અપીલ કરવાની રહે છે તેથી તે અંગે અરજદારે સમય અવધિ પહેલા અપીલનું કારણ ઉત્પન્ન થતું  નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ  અને  જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી સામ નસરવાનજી દારૂવાલા,